Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા


જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૫૦ • તા. ૧૧ ડિસેમ્બર ૨૦૧૭ થી ૧૭ ડિસેમ્બર ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## ૧૭૫મી પુણ્યતિથિએ ઋણાંજલિ




### પુણ્યશ્લોક શેઠ શ્રી નરશી નાથા

ગૌરવમય જ્ઞાતિદાઝના પ્રખર પ્રેરણામૂર્તિ


અનંત-શાંતિ-ચંદ્ર શરણ : ૧૧-૧૨-૧૮૪૨

- બે સદીઓ પહેલાં જ્ઞાતિ બાંધવોને સાહસના શોણિતે ઉર્જિત કર્યા.
- ઉર્ધ્વદૃષ્ટિથી દૂર-સુદૂરની ક્ષિતિજોને આંબવાની તેમને પ્રેરણા-પીઠબળ આપ્યાં.
- કચ્છના વેરવિખેર જ્ઞાતિજનોને મુંબઈ અને દેશ-દેશાવરોમાં પ્રસરાવી મુંબઈના અન્ય સમાજોમાં તેમને કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ તરીકેની આગવી ઓળખ આપી.


સમસ્ત જ્ઞાતિ વતી પ્રકાશ - સમીક્ષા સમિતિની
વિનમ્ર આસ્થાંજલિ



શ્રી ચંદ્રપ્રભુ જિનાલય
નલીયા તિર્થ સંકુલ
શેઠશ્રીની આરસની પ્રતિમા



શ્રી શાંતિનાથજી જિનાલય
પારોલા તિર્થ
શેઠશ્રીનું તૈલચિત્ર



શ્રી અનંતનાથજી જિનાલય તિર્થ
ખારેક બજાર - મુંબઈ
શેઠશ્રીની આરસની પ્રતિમા

# શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ - માટુંગા ખાતે સ્નેહમિલન કાર્યક્રમ


















વધુ ફોટોગ્રાફ્સ પાના નં ૧૯ ઉપર

તંત્રી સમીપે

# વસતીપત્રક ક્યારે પ્રગટ થશે ?

પંદર વર્ષ પહેલાં જ્ઞાતિનું સાતમું વસતીપત્રક પ્રકાશિત થયું તે પછી છેલ્લાં ત્રણેક વર્ષથી વસતીપત્રક સમિતિ પૂરેપૂરી સંનિષ્ઠાથી આઠમું વસતીપત્રક બનતી ત્વરાએ પ્રગટ થાય તે માટે ભરસક પ્રયત્નો કરી રહી છે પરંતુ લગભગ દરેકે દરેક નાના-મોટા, સ્થાનિક અને વતનનાં ગામોનાં મહાજનોએ તે માટેનો જરૂરી સહકાર આપવામાં પ્રાથમિક સ્તરે પણ નીંભર અને જડસુ જેવી નિષ્ક્રિયતા દાખવી છે તે હકીકત વસતીપત્રક સ્વરૂપની સમસ્ત જ્ઞાતિને સંકલિત કરતી અતિ મહત્ત્વની કેન્દ્રીય પ્રવૃત્તિ માટે મહાજનોના પદાધિકારીઓ દ્વારા થયેલ ઘોર ઉપેક્ષા અને ઉદાસીનતા તેમના પદ કે હોદ્દા ની ગરીમાને શોભતા નથી એટલું જ કહીએ તો એમાં ઘણું આવી જાય છે.

ખાસ કરીને, છેલ્લાં છએક મહીનાથી વસતીપત્રક સમિતિ જ્ઞાતિજનોને તેમના કુટુંબોની વિવિધ માહિતીઓ અપડેટ કરવા સતતપણે સૂચિત કરતી રહી છે પરંતુ માત્ર પંદર ટકા જ્ઞાતિજનોએ જ પોતાના પરિવારોની માહિતીની ચકાસણી કરીને ફેરફાર સૂચવતો પ્રતિસાદ આપ્યો છે તેવા તાજેતરના આંકડાઓ નિર્દેશ કરે છે તે એક ગંભીર ચિંતાનો વિષય બન્યો છે.

આમ, બહુમત જ્ઞાતિજનોએ પોતાને જ દિન પ્રતિદિન અતિ જરૂરી અને લાભપ્રદ થતી રહેતી આ કાર્યવાહીમાં પોતે જાતે નહીં તો તેમના પરિવાર કે સંબંધીઓમાંથી કોઈ કિશોર-યુવા-યુવતીની મદદ લઈને માંડ એકાદ કલાક જેટલો સમય આપવા જેટલી દરકાર દાખવી નથી તે નિર્લેપ ઉદાસીનતાની તો તીવ્ર ટીકા થવી જોઈએ પરંતુ તેને થોડી વાર નજર અંદાજ કરીએ, અને એનાથીય વધુ તો, કેટલાક સ્થાનિક મહાજનોએ પોતાના વાર્ષિક ઉજવણી કે પરંપરાગત કાર્યક્રમોના આયોજન કર્યા હોય તે દિવસે ત્યાં ખાસ વ્યવસ્થા કરીને સ્વયંસેવકો દ્વારા લેપટોપ જેવા આધુનિક ઉપકરણોની સહાયથી ઉપસ્થિત જ્ઞાતિજનોને પોતાના કુટુંબોની માહિતીની ચકાસણી કરવા સુવિધા ઉપલબ્ધ કરી હતી તો પણ માંડ પાંચ-સાત જ્ઞાતિજનોએ તેનો લાભ લીધો અને તેવી જ રીતે, કોઈ કોઈ સ્થળોએ તો વસતીપત્રક સમિતિની ખાસ ટીમ મુંબઈથી અમુક દિવસે ત્યાં સ્થાનિક આવવાની અગોતરી જાહેરાત - સૂચના આપવા છતાં તેને પણ ત્યાંના સ્થાનિકોએ તદન નગણ્ય પ્રતિસાદ આપ્યો તે પ્રકારની કુંભકર્ણીય અલિપ્તતા માટે તો જેટલી આક્રોશમય આલોચના કરીએ તે ઓછી જ કહેવાશે.

આમ છતાં, બીજી બાજુ અપડેટ થયેલી છેલ્લામાં છેલ્લી માહિતીઓ સાથેનું વસતીપત્રકનું પુસ્તક સત્વરે પ્રગટ થાય તેની સમગ્ર જ્ઞાતિજનોની ઈંતેજારી અને અપેક્ષાની માત્રા તો સતત વધતી જ જાય છે, ને વળી છોગામાં, વસતીપત્રક સમિતિ તો પુસ્તક પ્રગટ થવાનાં ઠાલાં વચનો આપી રહી છે અને તેની પાસેથી કોઈ આશા રાખવી વ્યર્થ છે તેવી અંતિમાત્મક ટીપ્પણ કરવામાં પણ જ્ઞાતિજનોને કોઈ છોછ થતો નથી તેવી જડભરતીય અને દંભી માનસિકતા સમગ્ર જ્ઞાતિમાં વ્યાપકપણે દૃષ્ટિગોચર થાય છે તે પણ ગંભીર ચિંતાનો વિષય છે.


**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
ઉદયન લાલજી શાહ

**અંક નં. 50/2017**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

આ માટે, વિચારશીલ, નિષ્પક્ષ અને તટસ્થ જ્ઞાતિજનોએ હવે આગળ આવવું જ પડશે તે જ એકમાત્ર ઉપાય કે વિકલ્પ પર સમુચિત ચિંતન-મનન થાય તે દરમ્યાન, હાલ તુરંત તો વસતી પત્રક સમિતિએ આદરેલ આ મહત્વવના અભિયાનને સૌ મહાજનો સર્વાધિક અગ્રતા આપી તે માટે સર્વ જરૂરી પગલાં લે તેવી કટોકટીની પરિસ્થિતિ સર્જાઈ છે.

વસતીપત્રક સમિતિએ ન કેવળ પુસ્તક પ્રકાશન માટે પરંતુ જ્ઞાતિજનોને એક આંગળીના સ્પર્શે કોઈ પણ અન્ય જ્ઞાતિજનની પણ સર્વ માહિતી મળી રહે તેવું એક સર્વગ્રાહી એપ વિકસાવ્યું છે અને તેથી ય વિશેષ તો સમિતિએ આપણા કચ્છી દશા ઓશવાળ શ્વેતાંબર જૈનોના કુટુંબનું એક વિશાળ અને દુર્લભ વટવૃક્ષ બનાવ્યું છે જે દરેકે દરેક જ્ઞાતિજનને જોડે છે તે માટે તેના કાર્યકરોએ અનુપમ સંનિષ્ઠાથી જે પ્રયત્નો કર્યા છે તેની નિઃસીમ સરાહના થવી જોઈએ જ અને સાથે સાથે તેમની ખંતપૂર્વકની જહેમતનો સર્વ જ્ઞાતિજનો અને મહાજનોએ ભલે મોડેથી પણ હવે સર્વ નિષ્ક્રિયતા ખંખેરીને સુયોગ્ય પ્રતિઘોષ આપવો જ પડશે.

એટલે જ, સર્વ મહાજનોએ વસતીપત્રક સમિતીના કાર્યકરો સાથે સંકલન કરવા પોતાની સ્થાનિક યુવા ટીમને તાલીમ આપવા સત્વરે નિમણુંકો કરવાનો પડકાર ઝીલી લેવો પડશે જેથી આ યુવા-યુવતીઓ ત્યાંના સર્વ સ્થાનિક પરિવારોનો સંપર્ક સાધી આ માહિતીને ટૂંક સમયમાં જ બહુ આસાનીથી અપડેટ કરી શકશે અને પરિણામે વસતીપત્રકનું ઓન લાઈન તેમજ પુસ્તક રૂપે પ્રકાશન કરવામાં વધારે વિલંબ નહીં થાય, તેમજ આ માહિતી સાતત્યપૂર્વક અપડેટ કરવાની પ્રક્રિયા આ સ્થાનિક યુવાઓ દ્વારા નિરંતર જારી રહેશે.

વસતીપત્રક સમિતિના આ મહત્ત્વના અભિયાનને સાર્થકપણે સફળ બનાવવાની અને સમિતિના કાર્યકરોનો અપ્રતિમ ઉત્સાહ મોળો ન પડે તેની જવાબદારી દરેકે દરેક મહાજનની છે.

આશા રાખીએ કે મહાજનોના પદાધિકારીઓ પોત-પોતાના સ્થાનિક યુવા-યુવતીઓને, જ્ઞાતિની સર્વ કેન્દ્રીય સ્તરની પ્રવૃત્તિઓ માટે સક્રિય બનાવશે અને તે રીતે જ્ઞાતિની પ્રતિમાને યુવાદર્શી ઓપ-ઉભાર આપશે.

**– રા.**

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.




## 'ME TOO' હું પણ – પ્રવિણ લોડાયા (વડોદરા)



**વનિતા વિશ્વ**

દુનિયાભરમાં હમણાં 'મી ટુ'/ me too ની ઝુંબેશ ઝડપભેરથી ફેલાઇ રહી છે. આ ઝુંબેશ અલિસા મિલાનો નામની અભિનેત્રીએ ટિવટર, ફેસબુક વિગેરે પર શરૂ કરી છે. પહેલાં ૨૪ કલાકમાં જ ફેસબુક પર વિશ્વમાંથી એક થી સવા કરોડ જેટલી બહેનોએ તેનો પડઘો પાડ્યો છે.

'મી ટુ' ઝુંબેશ નિમિત્તે વિશ્વભરની પીડિત મહિલાઓ એક મંચ પર આવી ગઈ છે. જેમાં અત્યંત પ્રતિષ્ઠિત અને મોભાદાર સ્ત્રીઓથી માંડીને ભાગ્યે જ ઘરની બહાર નિકળતી ગૃહિણીઓનો પણ સમાવેશ થાય છે. આ એકતાની ભાવનાએ નવી ચેતના જગાવવાનું કાર્ય કર્યું છે.

દુનિયાની કોઈ પણ સ્ત્રી પ્રકૃતિએ અસલામત છે. ઈશ્વરે સ્ત્રીને એક સિકસ્થ સેન્સ આપી છે. એટલે એને મળતા લગભગ તમામ લોકોને સ્ત્રી અજાણતા જ સ્કેન કરે છે. એના મનમાં એની સાથે જીવતા લોકોથી શરૂ કરીને ઓળખીતા–પાળખીતા, સ્નેહી સ્વજન અને પ્રિયજન સુધીના સૌના એક્સ-રેની પ્રિન્ટ સતત એના ડેટાબેઝમાં રહે છે. છતાંયે સ્ત્રીનો ડીએનએ અસલામત છે.

સ્ત્રીઓ એમને અપાયેલી જિંદગી ચૂપચાપ જીવે છે. ફરિયાદ કે માગણી કર્યા વગર. સ્ત્રીને 'અધિકાર' શબ્દ સાથે ઝાઝી લેવાદેવા નથી. એ ત્યાગમૂર્તિ, બલિદાનની દેવી બનીને ગદગદ થઈને છેલ્લાં શ્વાસ લે છે. જીંદગી આખી ચલાવી લેવું, માફ કરવું, ચૂપ રહેવું વગેરે એમને માટે સહજ પ્રાપ્ય છે.

આજથી સદીઓ પહેલા સતી કરવામાં આવતી સ્ત્રી માટે એના પતિનું આયુષ્ય એના પોતાના આયુષ્ય માટેની અનિવાર્ય શરત હતી. આજે પણ સ્ત્રીને પોતાની આત્મકથા સાચી અને પૂર્ણ સત્ય સાથે લખવાનો અધિકાર મળ્યો નથી. નહીંતર ભલભલા ચમરબંધીઓના છોતરા નિકળી જાત.

ભારતીય સમાજમાં 'મનુસ્મૃતિ'ની શરૂઆતથી તે અત્યારના 'ડીઝીટલ ઈન્ડિયા' સુધીમાં હમેંશા આંગળીઓ સ્ત્રી તરફ જ ચીંધાઈ છે. ભોગ પણ સ્ત્રી બને અને અંગૂલી નિર્દેશ પણ સ્ત્રી તરફ જ ? પુરુષવર્ગ તો હમેંશા દૂધે ધોયેલો જ રહ્યો છે.

રૂઢિઓ પણ સ્ત્રીઓ પર જ લદાયેલી છે. ક્યારે પણ કોઈ પુરુષ તરફી રૂઢી જોવા મળી છે ? વ્રતો તો સ્ત્રીઓના પલ્લામાં જ આવ્યા છે, સાંભળ્યું છે ક્યારેય કે કોઈ કુટુંબમાં પુરુષે સ્ત્રીઓ માટે કોઈ વ્રત રાખ્યું હોય ?

સ્ત્રી ઘરની બહાર નિકળે અને પાછી ઘરે આવે ત્યાં સુધી રસ્તામાં કેટલાયે પુરુષો, યુવતીઓ કે સ્ત્રીઓ સામે એકિટસે ટગર-ટગર જોયા કરતા હોય છે. એ નજરનો ભોગ બનનાર યુવતી કે સ્ત્રીને તો એમ જ થાય કે સામેના એ પુરુષના ડોળા જ બહાર કાઢી લઈએ. વર્જિનિયા વુલ્ફ જેવી સમર્થ લેખિકાએ પણ લખ્યું છે કે એક સ્ત્રી તરીકે મારો કોઇ દેશ નથી. કાગડા બધે જ કાળા.

બહાર આટલા અપમાનો સહન કરતી સ્ત્રીને ઘરમાં પણ આપણે સુખ આપતા નથી. જેણે આપણા માટે પોતાના સુખોની આહુતિ આપી છે. ૨૦/૨૨ વર્ષની છોકરી નવી જિંદગી શરૂ કરવા મનમાં ઘણા અરમાનો લઇને પોતાના પતિના ઘરે આવે છે. પોતાનું સમગ્ર જીવન સામાજિક અને આર્થિક જવાબદારીઓમાં ખર્ચી નાખે છે. એક ખાસ ઉમ્મરની મસ્તી, બેફિકરાઈ કે અલ્લડતા બધું ત્યાગીને એક માળો બનાવે છે.

પોતાના ૨૪ કલાકની બધી મિનિટો ઘર માટે ખર્ચે છે. પોતાના સપાનાઓનો ઘર માટે ત્યાગ કરે છે. પતિના સપના જ પોતાના માનીને સંસાર ચલાવે છે. સમગ્ર ઘરની જવાબદારી એ ઉપાડી લે છે.

બધા જ ઉઠે એના પહેલા ઉઠી જઇને દાદાને ચા આપે છે. ન્યુઝ પેપર અંદર લે છે. એના પછી તરત જ એ રસોઇવાળી થઈ જાય, કામવાળી થઈ જાય, ધોબી આવે તો કપડા ગણીને લઇ લે. ચાલુ ફોને પોતાની ઓફીસમાં સુચના આપતી હોય કે આજે થોડું મોડું થશે આ પ્રિપરેશન કરી લેજો ને.

હસબંડ બૂમ પાડે કે શર્ટનું બટન તુટી ગયું છે. તરત દોડતી દોડતી ગૅસ ધીમો કરીને શર્ટનું બટન ટાંકી આપે છે. ત્યાં તો


ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

કલા – કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

બાળકના બુમખરાડા સંભળાય છે. મમ્મી નાસ્તામાં હું આ નહીં લઈ જાઊં. પાંચ મિનીટ બેટા, પાંચ મિનીટ, હમણાં જ બીજો નાસ્તો બનાવી આપું છું. આમ એ સ્ત્રી રસોઈવાળી, કામવાળી, ધોબી થાય. એટલામાં સાસુ કહે કે આજે સાંજે પાર્ટીમાં જવાનું છે ઓફીસથી વહેલી આવજે. ઘરની બ્યુટીફુલ વહુ દેખાવડી થઈને સાંજે પાર્ટીમાં જવા રોલ મોડેલ થાય.

આપણી થાળીમાં બત્રીસ ભોજન પીરસે. એના હાથ દાઝયા હોય એનો કોઈ વિચાર કરતું નથી. ૪૩/૪૪ ડિગ્રીમાં એને પણ કંટાળો આવ્યો હશે. છતાંય જમતી વખતે પુછે છે રસોઇ સારી થઈ છે ને ? હા, અત્યારે અહીંયા આપી જા. મેચ ચાલે છે.

કોઈ ક્યારે પણ વિચાર નથી કરતું કે સ્ત્રી કેમ ફ્રસ્ટેશનમાં આવે છે. કારણ ઘણી વખત તેને લાગે છે મારું કોઈ મુલ્ય નથી, કાંઈ વેલ્યુ નથી. છતાં મનને મારે છે. કારણ કે એને નાનપણમાં શિખવાડવામાં આવ્યું છે કે હસબંડ કહે તો તું સારી. સાસુ કહે તો તું સારી, આખું કુટુંબ વખાણે તો તો તું સારી, શું સ્ત્રી પુરુષને સુખી કરવા સર્જાઇ છે ? સ્ત્રીએ તો જાતે સુખી થવાનું શીખી લેવાનું. એને કોઈ સુખી ના કરે.

ખરેખર સ્ત્રી અને સંઘર્ષ બન્ને એકબીજાના પર્યાય છે. સ્ત્રી સાચ્ચે જ સંઘર્ષ બહુ કરે છે, બહુ કરે છે. એ પેમેન્ટ નથી લેતી એવાર્ડ નથી લેતી એટલે જ પુરુષો એને ગણકારતા નથી. જ્યારે સ્ત્રી માટે તો નોબેલ પ્રાઈઝ કરતાં પતિનું એમ કહેવું કે આજે ચા બહુ જ સારી બની છે એ જ એના માટે સાચું પ્રાઈઝ છે. સ્ત્રી પુરુષ જેટલી આસાનીથી સમાજમાં બહાર નીકળી શકતી નથી. બીજા જ એના વતી નિર્ણયો લે, ને એ નિર્ણયો લે ત્યારે બીજાને જ ધ્યાનમાં રાખવાના હોય એવી આદત એને પડી જતી હોય છે. શર્મન જોષીનો એક વિડિયો વાઈરલ થયો હતો તેમાં એ આઠ-દશ છોકરા-છોકરીઓનો ઈન્ટરવ્યુ લે છે તેમાં એ કહે છે મારી પાસે તમને આપવા નોકરી છે. પણ એમાં ૨૪ કલાક કામ કરવું પડશે અને તે પણ ઉભા પગે. ૩૬૫ દિવસમાં એક પણ રજા મલશે નહીં. બીમારીમાં પણ નહીં ત્યારે બધા છોકરા ના પાડે છે કે આવી તે નોકરી હોતી હશે. ત્યારે શર્મન કહે છે દુનિયાની બધી 'મા' આ જ પ્રમાણે કામ કરે છે. સાંભળીને છોકરાઓની આંખોમાંથી આંસુ નિકળે છે.

આવી સહનશિલતાની મૂર્તિનું પુરૂષો કેમ અપમાન કરે છે, અવહેલના કરે છે તે સમજાતું નથી. ઘરની બહાર પણ તેઓ દુઃખોનો સામનો કરે છે અને ઘરમાં પણ તેમને રિસ્પેક્ટ મળતો નથી. આ ઠેકાણે જો પુરૂષ હોત અને એના અપમાનો થયા હોત તો ૫૦ વર્ષની ઉપર પુરૂષ જીવ્યો ન હોત, વહેલો ઉકલી જાત.
**ગીવ હેપીનેસ એ ચાન્સ...**


## શ્રી ક.દ.ઓ. પોલડીયા પરિવાર જોગ
**(ગોએરસમા, રંગપુર, બારોઈ, બાચઠ, લુણી, ડુમરા)**

ગોરંગ બાલુડો ક.દ.ઓ. પોલડીયા પરિવાર દ્વારા કચ્છ ઘણીયાણી માં આશાપુરા માતાજીની ૯ મી પહેડીનું આયોજન રવિવાર, તા. ૨૧-૧-૨૦૧૮ના રોજ મુલુંડમાં રાખેલ છે. તો સૌ ક.દ.ઓ. પોલડીયા પરિવારો તથા નિયાણી બહેનોને સહકુટુંબ પધારવાનું આમંત્રણ પાઠવતાં અમો અત્યંત હર્ષ અનુભવી છીએ.

**પહેડીના લાભાર્થી પરિવાર**

**માતુશ્રી સ્વ. કસ્તુરીબાઈ વેલજી રવજી પોલડીયા** (ધુલીયાવાલા) હસ્તે **અ.સૌ. વીણાબેન ચંદ્રકાન્ત પોલડીયા,** લુણી (ગોરેગામ)

**-: કાર્યક્રમ :-**

| | | | |
|---|---|---|---|
| સવા. ૯.૧૫ કલાકે | જ્ઞાનસરિતા સ્કુલ પાસેથી વાજતે-ગાજતે કચ્છ ઘણીયાણી માં આશાપુરા માતાજીનું સામૈયું | ૧૧.૪૫ કલાકે | સમુહ આરતી લાભાર્થી પરિવારના સથવારે સૌ ભાવિકો કરશે |
| ૯.૩૦ કલાકે | પહેડી નિમીતે પૂજન શરૂ થશે | ૧૨.૦૦ કલાકે | જાહેરાત કરવામાં આવશે |
| ૧૧.૦૦ કલાકે | નૈવેદ્ય ધરાવવામાં આવશે | ૧૨.૧૫ કલાકે | મહાપ્રસાદ શરૂ થશે. |
| ૧૧.૪૦ કલાકે | આમંત્રિત મહેમાનોનું સ્વાગત | | સંપૂર્ણ કાર્યક્રમ ભાવભક્તિ રાસગરબા સંગીતના સથવારે |

**શુભ સ્થળ :** આઈરીસ હૉલ, જ્ઞાન સરિતા સ્કુલની બાજુમાં, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૮૦.

એજ લિ. **ગોરંગ બાલુડો પોલડીયા પરિવાર વતી**

**સંપર્ક :** શ્રી કાંતીલાલ દામજી પોલડીયા

શ્રી લક્ષ્મીચંદ લાલજી પોલડીયા - 9930008339
શ્રી યોગેશ હીરાલાલ પોલડીયા - 9869338808
**ના જય માતાજી**
શ્રી ભરત શીવજી પોલડીયા - 9320668286
શ્રી હીરેન ચન્દ્રકાન્ત પોલડીયા - 9324448508

**નોંધ : પહેડી પ્રસંગે કાળા વસ્ત્ર પહેરવા નહિં.**

|| શ્રી આદિનાથાય નમઃ ||　　　　|| જય જય શ્રી ઓલિયા વારાપીર ||

# શ્રી વારાપધર ક.દ.ઓ. જૈન મહાજન
# શ્રી વારાપધર જૈન યુવક મંડળ

**કાર્યાલય :** C/o. બબલ ગમ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ, ૨૦૬, નેપ્ચ્યુન અપટાઉન, ૨જે માળે, એન.એસ. રોડ, મુલુન્ડ (પશ્ચિમ), મુંબઇ-૪૦૦૦૮૦.
ફોન : ૦૨૨ ૨૫૯૩૪૫૪૫ Email : varapaddhar.jainyuvakmandal@gmail.com Varapadhar Jain Yuvak Mandal



## વારાપીરની પહેડીના લાભાર્થી પરિવાર

### માતુશ્રી પ્રેમીલાબેન મેઘજી મોતા પરિવાર

તન-મન ઇન્ટરનેશનલ - મુંબઇ
હોટલ શીખરજી કોન્ટીનેન્ટલ - શીખરજી
હોટલ તન-મન કોન્ટીનેન્ટલ - રાજગૃહી

સહર્ષ ખુશાલી સાથે જણાવવાનું કે, શ્રી આદેશ્વરદાદાના આશીર્વાદથી તથા ગામરક્ષક વારાપીરની મહેરથી છેલ્લા ૮ વર્ષથી મુંબઇ મધ્યે વારાપીરની પહેડીનું આયોજન થઇ રહ્યું છે. આ પ્રસંગે સહુ ગામવાસીઓ તથા નિયાણી બહેનોને સહ પરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**પાવન દિવસ :**
રવિવાર, તા. ૩૧.૧૨.૨૦૧૭
**સમય :** બપોરે ૨ :૩૦ કલાકે થી...

**સ્થળ**
**શ્રી જૈનમ બેન્ક્વેટ હોલ (એ.સી.)**
૧ લે માળે, બી.ટી.એમ. કમ્પાઉન્ડ,
લાલ બહાદુર શાસ્ત્રી માર્ગ,
શાસ્ત્રી નગર સામે, ભાંડુપ (વેસ્ટ),
મુંબઇ - ૪૦૦ ૦૭૮.

## કાર્યક્રમની રૂપરેખા

- **સ્વાગત ગીત - અંતઃકરણથી આવકાર :** બપોરે ૨ :૩૦ કલાકે
- **મંચ બેઠક, દીપ પ્રાગટ્ય, સમૂહ ક્ષમાપના :** બપોરે ૨ :૪૫ કલાકે
- **તપસ્વીઓનું બહુમાન :** બપોરે ૩ :૦૦ કલાકે
- **સરસ્વતી સન્માન સમારોહ :** બપોરે ૩ :૪૫ કલાકે
- **ભક્તિ સંગીત :** બપોરે ૪ :૦૦ કલાકે
- **પહેડી જુહારવાનું :** લાભાર્થી પરિવાર દ્વારા સાંજે ૫.૦૦ કલાકે
- **પહેડી પ્રસાદ :** સાંજના ૬ :૦૦ કલાકે થી...
- **બહુમાન સન્માન :** સાંજે ૬.૩૦ કલાકે

- સરસ્વતી સન્માન...
- તપસ્વી અનુમોદના...
- પહેડી પ્રસાદ...
- બહુમાન સન્માન
- દાંડીયાની રમઝટ...



**નિર્મલ ઠક્કર અને સાથી કલાકારો સંગાથે...**



પર્યુષણ પર્વ સંવત ૨૦૭૩ દરમ્યાન અઠ્ઠાઇ કે તેથી વધુ તપ કર્તાને તથા વરસીતપ પૂર્ણ કરનાર તપસ્વીઓનુ બહુમાન કરવામાં આવશે.

ધોરણ ૧ થી ૧૦ (ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ) - ૧૨, સ્નાતક, ઉચ્ચ સ્નાતક કક્ષાએ ઉતીર્ણ થયેલ ગામના વિદ્યાર્થીઓમાં પ્રથમ તથા દ્વિતીય સર્વશ્રેષ્ઠ વિદ્યાર્થીઓને મંચ પર સન્માનવામાં આવશે.

તપસ્વીઓના નામ તથા વિદ્યાર્થીઓના રીઝલ્ટ મોકલવા માટે શ્રી નીતેશ દીનેશ લોડાયાનો મો.નં. ૯૩૨૩૯૯૩૨૮૨ પર સંપર્ક કરશો.

દરેક સન્માનિત વિદ્યાર્થી/વિદ્યાર્થીની તેમજ તપસ્વીઓએ પોતાની હાજરીની નોંધ બપોરના ૨ :૧૫ સુધી કરાવી લેવી આવશ્યક અને અનિવાર્ય રહેશે.

નામ નોંધાવવાની અંતિમ તારીખ બુધવાર, તા. ૨૦.૧૨.૨૦૧૭


**આપના સ્વાગતાભિલાષી**

## શ્રી વારાપધર ક.દ.ઓ. જૈન મહાજન
## શ્રી વારાપધર જૈન યુવક મંડળ

આ અનેરા પ્રસંગે
**જરૂરથી પધારશો.**

AVANI 9833432251

## ઈન્દીરાબેન ધનજી લાલજી છેડાની ઉત્કૃષ્ટ ભાવના




પૂ. હંસાવલીશ્રીજી મ.સા.ના વ્યાખ્યાનમાં એક નવા બંધાતા જીનાલયની વાત આવી તેમાં એમણે કહ્યું કે દરેક શ્રાવક-શ્રાવિકાએ પોતાનું યથાશક્તિ દાન આપ્યું. એક શ્રાવિકા ગરીબ હતી જેણે પોતાની સાચવેલી સંપુર્ણ મુડી જે ફક્ત સો રૂપીયાની આસપાસ હશે તે આપવા ગઈ ત્યારે ત્યાં એનું અપમાન થયું અને એના પૈસા લેવાની ના પાડવામાં આવી.

હવે થયું એવું કે દેરાસર તો બંધાઈ ગયું પણ ઉપર કળશ કેમે કરીને ચઢે નહીં. ત્યારે ત્યાં રહેલા મહારાજ સાહેબે આદેશ આપ્યો કે એ ડોશીમાં પાસેથી રૂપીયા લઈ લો. પછી કળશ ચઢાવો. ખરેખર ચમત્કાર થયો અંતે કળશ બરાબર લાગી ગયો.

આ દૃષ્ટાંત સાંભળીને વડોદરામાં વસવાટ કરતાં સુથરીના બહેનશ્રી ઈન્દીરાબેન ધનજી લાલજી છેડાએ પોતાની પાસે જેટલું સુવર્ણ હતું તે બધું વિમલનાથ દાદાના ચરણે સમર્પિત કરી દીધું. એમની આ ઉત્કૃષ્ટ ભાવના જોઇને મહારાજ સાહેબની વાણી પણ પળભર માટે થંભી ગઈ. સમસ્ત ક.દ.ઓ. વડોદરાના ભાઈ-બહેનોએ ૭૫ વર્ષના ઈન્દીરાબેનને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા અને તેમની ભૂરી ભૂરી પ્રશંસા કરી.

કલીયુગમાં પણ આપણી આ સન્નારીઓ છે તે જોઇને દરેકના મસ્તક એમની સામે ઝૂકી પડ્યા. વડોદરા સમાજ એમને શત-શત પ્રણામ કરે છે.

**– પ્રવીણ લોડાયા,** વડોદરા

## લગ્ન સંબંધી

બોરીવલી સ્થિત ૯૪ બોર્ન, 5'4, 50 Kg., B.E. (IT) ગુજરાતી જૈન ખગઈ Job કુંવારી કન્યાને ઉચ્ચ ડીગ્રીવાળા વેલસેટલ ૯૦ પછીના જન્મેલા યુવકોના વડીલ સંપર્ક કરે. જ્ઞાતિ બાધ નથી.

**જન્માક્ષરમાં માનીએ છીએ.**

**ત્રિલોચના – 9867889965**

**મનિષ સોનાવાલા – 9653199981 / 9833240493**

**ભુલ સુધાર :** પ્રકાશ સમીક્ષા અંક નં. ૪૯ પાના ૧૦ ઉપર **સૌ. મનિષાબેન હરીશ ખોના** (ઘાટકોપર)નો મોબાઈલ નં. **09664798398** વાંચવા વિનંતી.

॥ શ્રી મંજલ રેલડીયા તીર્થ મંડન શ્રી આદેશ્વરાય નમો નમઃ ॥

# શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘ

**ચાલો જઈએ મંજલ રેલડીયા ગામે દાદા આદીનાથને ભેટવા**




## શ્રી આદિનાથ દાદાની ૧૩૯મી વર્ષગાંઠ નિમિત્તે

**સૌ મંજલવાસીઓ, માનવંતા મહેમાનો તથા નિયાણીબહેનોને સહકુટુંબ મંજલ રેલડીયા પધારવા શ્રી મંજલ રેલડિયા અચલગચ્છ જૈન સંઘ તથા ૧૩૯મી ધજાના ચડાવાનો લાભ લેનાર માતુશ્રી કુંવરબાઈ હીરજી કરમશી વોરા પરિવાર** તરફથી

## ભાવભર્યું આમંત્રણ...

**તા. ૨૩-૪-૨૦૧૮, સવારે ૧૦.૩૦ કલાકે**
**સામૈયુ :** સવારે ૧૧.૦૦ કલાકે
નુતન અતિથીગૃહ તથા ભોજનાલય સંકુલનું ઉદ્‌ઘાટન
આપણા સૌના લાડીલા નેતા
**શ્રી તારાચંદભાઈ છેડાના** શુભ કરકમલ દ્વારા...
આ સમગ્ર ઉદ્‌ઘાટનનું સંચાલન
સમાજરત્ન, ૨૧-૨૧ વર્ષીતપના આરાધક
**શ્રી નરેન્દ્રભાઈ નંદુના** સથવારે...

**તા. ૨૪-૪-૨૦૧૮ ના વિજયમુર્હુતે ૧૨.૩૯ કલાકે**
**અઢાર અભિષેક તથા રાત્રીભાવના, રાસ ગરબા**
વિધિકાર **શ્રી કેશવજીભાઈ ગડા** તથા
**ભાવનાબેન વોરા** મંડળી સાથે પધારશે.

**તા. ૨૫-૪-૨૦૧૮, સવારના**
**શ્રી સત્તરભેદી પુજા તથા ધ્વજા રોહણ** સાથે
કાર્યક્રમની સમાપ્તિ સાંજના ચોવિહાર કરી
મુંબઈ તરફ પ્રયાણ.

અતિ હર્ષ સાથે જણાવવાનું કે આ ત્રણ દિવસના મહોત્સવમાં ૫૧-૫૧ વર્ષીતપના આરાધક અચલગચ્છાધિપતી આચાર્ય ભગવંત શ્રી **ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા. તથા આપણા ગામના મંજલરત્ન પ.પુ.શ્રી **પ્રિયંકરસાગર** મ.સા.તથા સાદવીગણની નિશ્રા મળશે. મુંબઈ થી મંજલ સુધીની બધી જ વ્યવસ્થા કરવામાં આવશે. ટ્રેનમાં ચૌવિહારની વ્યવસ્થા છે.

- આ વરસે સ્થાનિકે મુંબઈથી મંજલ તા. ૨૨-૪-૨૦૧૮ ના સયાજીનગરી દાદરથી ભૂજ ટ્રેઈન નં. ૧૯૧૧૫ અથવા કચ્છ એક્સપ્રેસ બાંદ્રાથી ભૂજ ટ્રેઈન નં. ૨૨૯૫૫ માં જવાનું છે. સ્લીપર કોચની ટીકીટ પોતાની રીતે કઢાવવાની રહેશે.
- બની શકે ત્યા સુધી સયાજી નગરીની ટીકીટ મળે તો આપણે મંજલ સમયસર પહોંચી શકીએ. તે મુજબ ટીકીટ કઢાવવા વિનંતી. રિફંડ સ્થાનિકે મળશે.
- આપશ્રીને ટીકીટની બે ઝેરોક્ષ કોપી કઢાવવાની રહેશે. એક ઝેરોક્ષ દાદર ઓફિસ એડ્રેસ : વલ્કલ NX મોહમ્મદ મંઝીલ, દાદાસાહેબ ફાલ્કે રોડ, દાદર (ઈ), મુંબઈ – ૧૪. લક્ષ્મીચંદ પાસુભાઈ ગોસર – ૯૮૨૦૩૫૨૩૯૧/૯૦૮૨૪૯૯૬૨૯ ને ત્યાં તા. ૩૦ ડિસેમ્બર ૨૦૧૭ સુધી આપવાની રહેશે. ઝેરોક્ષ કોપી પાછળ આપનું પુરું નામ, સંપૂર્ણ, એડ્રેસ તથા મોબાઈલ નં લખશો, જેથી ભુજથી તુફાન અને સ્થાનિકે રહેવાની વ્યવસ્થા કરવામાં સુગમતા રહે તથા એક ઝેરોક્ષ કોપી સ્થાનિકે આપી ટીકીટ રીફંડ મેળવી લેશોજી.

**લી. : મંત્રીઓ**

## આરોગ્ય પ્રકાશ : ભીંડામાં રહેલા પોષક તત્ત્વો અને ઔષધીય ગુણો

- ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

ભીંડા સદીઓથી શાકભાજી તરીકે વપરાતા આવ્યા છે, પણ હવે વૈજ્ઞાનીકોએ એના ઔષધીય ગુણો અને ફાયદા શોધી કાઢ્યા છે. એવું કહેવાય છે કે ઈતિહાસમાં અમર થઈ ગયેલી મિસરની મહારાણી કલીઓપેટ્રાની સુંદરતા થોડે ઘણે અંશે ભીંડાને આભારી હતી. જ્યારે બીજા વિશ્વયુદ્ધ વખતે બજારમાં કોફીના બી જ્યારે જ્યારે ઓછા મળતા હતા ત્યારે કોફીના બીને બદલે ભીંડાના બી નો ઉપયોગ કોફી બનાવવા થતો હતો. જાપાનના 'કામી-કોચી' પ્રદેશના યુવાન હોય કે વૃધ્ધ બધાજ વતનીઓ ખૂબજ તંદુરસ્ત લાગે છે કારણ તેઓ બારેમાસ 'ઓકરા' (એટલે કે ભીંડા) નો ઉપયોગ ખોરાકમાં કરે છે. આમેય જાપાનના લોકોનું સરેરાશ આયુષ્ય દુનિયામાં ખૂબજ વધુ છે, સો વર્ષથી વધુ ઉમરના ઘણા લોકો જાપાનમાં હયાત છે એમાં બીજા કારણો સાથે લીલા શાકભાજી - ભીંડાનો પણ મહત્વનો ફાળો છે.

ભીંડામાં મળતા પોષક તત્વો જોઈએ તો એક વાટકો બાફેલા ભીંડા એટલે આશરે ૨૦૦ ગ્રામ ભીંડાની કેલેરી વેલ્યુ ૪૫ થાય છે. એમાં પ્રોટીન ૨.૫ ગ્રામ, કાર્બોહાઈડ્રેટ ૮ ગ્રામ, વિટામીન એ ૭૦૦ ઇ.યુ., વિટામીન સી ૨૫ મિ.ગ્રા., કેલશ્યમ ૫૪ મિ.ગ્રા., ફોલીક એસીડ ૪૧ માઈક્રોગ્રામ, આર્યન ૦.૬ મિ.ગ્રા., પોટેશ્યમ ૨૯૦ મિ.ગ્રા., મેગ્નેશ્યમ ૫૨ મિ.ગ્રા. અને ફાઈબરનું પ્રમાણ ૫ ગ્રામ હોય છે. (ભીંડા કાચા કાપીને ખાવાથી આ સર્વ પોષક તત્વો મળી રહે છે પણ શાક બનાવતાં ઘણ સત્વો નાશ પામે છે.)

ઇલિનોઈઝ યુનિવર્સિટી (યુ.એસ.એ.)માં ભીંડા વિશે પ્રયોગો કરવામાં આવ્યા હતાં અને અભ્યાસમાં જણાઇ આવ્યું કે ઘણી બિમારીઓ અને શારીરિક તકલીફોમાં ભીંડાનો ઉપયોગ કરવાથી ચોક્કસ ફાયદો થાય છે જે નીચે મુજબ છે. નિયમિત ૨૦૦ થી ૨૫૦ ગ્રામ ભીંડાનો ખોરાકમાં ઉપયોગ કરવાથી, ૧) ડાયાબીટીઝના દર્દીઓના લોહીમાંની સાકર બે મહિનામાં ઓછી થાય છે. નિયમિત લેતા રહેવાથી, ડાયાબીટીઝમાં ઘટાડો થવાથી દર્દીને ઘણી રાહત મળે છે.
૨) દરેક ઘેરા લીલા શાકભાજીની જેમ ભીંડામાં પણ કેલશ્યમ ભરપૂર માત્રામાં હોય છે (કોબી, ફલાવર, બ્રોકોલી, સરગવાની સીંગ, સરગવાના પાન વગેરેમાં પણ કેલશ્યમ ભરપૂર માત્રામાં હોય છે) ભીંડાનો નિયમિત ઉપયોગ કરવાથી હાડકાં મજબૂત થાય છે. ઓસ્ટીઓપોરોસીસ (હાડકાનું છીદ્રાળુપણું) ની શક્યતા ઘટે છે અને તેથી જલ્દીથી ફ્રેક્ચર થતું નથી. હાડકામાં પૂરતા પ્રમાણમાં કેલશ્યમ હોવાથી શરીરના સાંધા જલ્દી


## SHREE K.D.O. STUDENTS ASSOCIATION

**Add:** Atithi Gruh No.1, Anant Siddhi, L.B.S. Road, Bhandup (West), Mumbai - 400078.
**Reg. Office:** 17, Bheda Bhuvan, 22, Jethabhai Lane, Ghatkopar (East), Mumbai - 400077.
Email: shreekdovs@gmail.com

**ANNUAL GENERAL MEETING** **(Date: 05/12/2017)**

Shree KDO Students Association Annual General Meeting will be held on **Saturday, 23/12/2017 at 5pm at Gurukul College of Commerce, Tilak Road, Ghatkopar (East), Mumbai - 400 077.** Following Agenda will be considered:

**-: "AGENDA" :-**

1. To approve minutes of previous AGM;
2. Report of Managing Committee;
3. Approval of Audited Accounts of Association;
4. Discussion on Life Membership & Annual Membership;
5. Discussion on upcoming election;
6. Working on Shri Lalji Ramji Book Bank Yojna;
7. Any other matter with permission of Chairman.

**Shri Hemil Jayesh Dand**
(Secretary)

**Note:** 1. In case, the Quorum is unavailable, the meeting will be adjourned and will re-start after 30minutes (5:30pm) at same date & same place without Quorum, but only points 1-6 will be discussed.
2. All the attendes should bring membership receipt of the year 2016-18, failing to this entry will not be permitted.

ઘસાતા નથી, સંધીવાતની શક્યતા ઘટે છે, અને જો સંધીવાત હોય તો તેમાં સુધારો થાય છે, બિમારી આગળ વધતી અટકે છે

૩) ભીંડામાં રહેલા પુષ્કળ ફાયબર – રેષાને લીધે કબજીયાત જેવી બિમારી લાગુ પડતી નથી અને બિમારી હોય તો નિયમિત ભીંડા ખાવાથી ધીરે ધીરે તે દૂર થાય છે.

૪) ભીંડામાં રહેલા ફાયબરને કારણે લીવરમાં 'બાઈલ-એસિડ' પિત્તરસની સાથે આવેલા ટોકસીક પદાર્થ નાશ પામે છે.

૫) ખોરાકનું આંતરડામાં પાચન થયા પછી આંતરડામાં રહેલા ટોકસીક પદાર્થો, ફાઈબર વધુ માત્રામાં હોવાને કારણે મળ સાથે સહેલાઈથી નીકળી જાય છે.

૬) ભીંડામાં રહેલા રેષા 'પ્રો-બાયોટીક' જેવું કામ કરે છે, ખોરાકનું પાચન થાય છે, નકામી ચરબી શરીરની બહાર કાઢવામાં મદદ કરે છે, શરીરમાં ખોટી ચરબી જમા થવા દેતાં નથી.

૭) ભીંડામાં રહેલા રસાયણિક પદાર્થોને લીધે માનસિક રીતે નબળા, થાકેલા અન હતાશ વ્યક્તિઓને ફાયદો થાય છે.

૮) ભીંડા આલ્કલાઈન છે એટલે તેને ખાવાથી ખોરાકનું પાચન થયા પછી બાકી રહેલા એસિડથી આંતરડાની મ્યુક્સમેમ્બ્રન (આંતર ત્વચા)ને નુકશાન થતું નથી. કારણ કે ભીંડા આલ્કલાઇન હોવાથી પેટ-આંતરડામાં ખોરાક સાથે વધેલા એસિડને ન્યુટ્રલ (નાબુદ) કરે છે અને આમ હોજરી કે આંતરડામાં અલ્સર-ચાંદા પડતા નથી.

૯) ભીંડાના ઉપયોગથી ગળામાં, ફેફસામાં સોજા થતો અટકે છે અને આ ઉપરાંત સંગ્રહણી- 'ઈરીટેબલ બોવેલ સીન્ડ્રોમ'માં ફાયદો થાય છે.

૧૦) ભીંડામાં રહેલ વિટામીન 'સી' ખૂબજ શક્તિશાળી એન્ટિઓક્સિડન્ટ છે જેને લીધે દમના દર્દીઓને ઘણી રાહત થાય છે, શરીરની પ્રતિકાર શક્તિ વધે છે, શરદી, ઉધરસ, ફ્લ્યુ જેવી બિમારી જલ્દી થતી નથી.

૧૧) ભીંડાનો નિયમિત ઉપયોગ કરવાથી મોતિયો આવવાની ક્રિયા ધીમી પડે છે.

૧૨) ભીંડામાં પુષ્કળ ફાઈબર હોવાથી અને એ આલ્કલાઈન હોવાથી અલ્સરેટીવવ કોલાઈટીસની બિમારીમાં પણ ભીંડા નિયમિત લેવાથી ફાયદો થાય છે.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : **દિનેશ દેઢિયા** - 92234 25676


૧૩) ભીંડાનો નિયમિત ઉપયોગ કરવાથી લોહીમાં કોલેસ્ટ્રોલનું પ્રમાણ ઓછું થાય છે.

૧૪) જાપાનમાં કરેલા પ્રયોગોમાં જણાયું છે કે ભીંડાનો ખોરાકમાં નિયમિત ઉપયોગ કરવાથી આંતરડાના કેન્સર થતાં અટકે છે.

ભીંડા માર્કેટથી લાવીએ ત્યારે તેને ધોઈ, કોરા કરી જો ઉપરનું ડીટું (માથું) કાપીને ફ્રીજમાં રાખવામાં આવે તો તે વધુ દિવસ તાજા રહે છે. જ્યાં ભીંડા ન મળતા હોય ત્યાં તેઓ સુકવણી કરી ભીંડાનો ઉપયોગ કરી શકે (સુકવવાથી) ભીંડાના સત્ત્વો થોડા તો ઘટશે અને તેનો ફાયદો ઓછો મળશે). સંધીવાત માટે, સાંધાના દુખાવા માટે નીચે પ્રમાણે નિયમિત પ્રયોગ કરો જેનો તમને ચોક્કસ ફાયદો થશે.

મોટા ચાર ભીંડાના ટુકડા કરી ડુબે તેટલા પાણીમાં રાત્રે ભીંજાવી રાખો અને સવારે ખાલી પેટે ભીંડા અને પાણી બન્ને ખાઈ લ્યો. લાળ નીકળે તે ખાતાં ન ફાવે તો સહેજ મિક્સરમાં ભીંડાના ટુકડા ને પીસી લઈ તેમાં તે ચીકણું પાણી ઉમેરી ગટગટાવી જાવ તો ખાવાનો કંટાળો ઓછો થશે. આ પ્રયોગ નિયમિત કરવાથી લાંબે ગાળે તેનો ખૂબજ ફાયદો થશે. તેથી કંટાળ્યા વગર આ પ્રયોગ કાયમ ચાલુ રાખો. ડાયાબીટીઝના દર્દીને પણ આ પ્રયોગથી ફાયદો થશે.

।। દેવાધિદેવ શ્રી શાંતિનાથ સ્વામી ને નમઃ ।।

**શ્રી સાંધવ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન**

ગામ **શ્રી સાંધવ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન**ના ઉપક્રમે **શ્રી શાંતિનાથજી જિનાલય** મધ્યે **બે ગોખલામાં** નૂતન ગુરુબિંબ/દેવીબિંબમાં **ગણધર ગુરુ ગૌતમસ્વામી તથા શાસન દેવી મા પાર્શ્વ પદ્માવતી માતાજી**ની પ્રતિષ્ઠા સહ **નુતન અતિથિગૃહની વિંગ અને અને રૂમો** તથા **નવનિર્મિત નુતન આરાધના ભવન** તેમજ **ત્રિદિવસીય મહોત્સવ**ના વિધિવિધાન **પૂજનો સહ વિવિધ આદેશો તા. ૧૭-૧૨-૨૦૧૭, રવિવારના બપોરે ૪ થી ૭ કલાકે જૈનમ હૉલ**, ૧લે માળે, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ), ખાતે રાખેલ છે.

**પ્રતિષ્ઠા** તથા **ઉદ્‌ઘાટન**ના શુભ મુર્હુતો શુભદિન **વૈશાખ વદ-૯, મંગળવાર તા. ૮-૫-૨૦૧૮ થી વૈશાખ વદ ૧૧, ગુરૂવાર, તા. ૧૦-૫-૨૦૧૮**ના પ્રાપ્ત થયેલ છે. આ અવસરને વધાવવા સર્વે સાંધવ ગામવાસીઓ તથા નિયાણી બહેનોને ચડાવા પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ. આ પવિત્ર કાર્યનો બહુમૂલ્ય લાભ ઝડપી લેવા આપના જરૂરી કામકાજમાંથી સમય કાઢી સાંધવ ગામે આપણાં પ્રભુના દ્વારે આવેલ આ ભવ્ય પ્રસંગને શોભાવવા તથા આપણા સૌના ઉત્સાહમાં અભિવૃદ્ધિ કરવા સર્વે જરૂર જરૂર થી પધારશો.

**શ્રી ક.દ.ઓ. જૈન મહાજન - સાંધવ**


**પ્રમુખશ્રી શામજી નરશી દંડ**

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **ગિરીશ વર્ધમાન ધરમશી**<br>(PS 7176) | એ-૪/૭૦૧, અનમયા કો.હા.સો., કંચન પુષ્પ કોમ્પ્લેક્સ, કાવેશર,<br>થાણે (વેસ્ટ) - ૪૦૦ ૬૧૫. મો.: ૦૯૪૦૩૪ ૧૪૦૦૦ |
| **હિતેન્દ્ર વર્ધમાન ધરમશી**<br>(PS 7085) | ૯૩, વર્ધમાન સદન, કેશવ પાર્ક, ધામણગાંવ રોડ,<br>યવતમલ - ૪૪૫ ૦૦૧. મો.: ૦૯૩૭૩૭ ૩૧૧૪૪ |

## ધર્મસંદેશ - ૧૧૨

***રચયિતા :*** **જયકાંત મોતા - ઘાટકોપર (તેરા)**
**૯૮૧૯૬ ૨૮૩૮૨**





**આડી ચાવીઓ -**

૧) કચ્છ નું શાંતિનાથનું પંચતીથી નું ગામ (૩)

૪) પંચાસરા પાર્શ્વનાથ નું ગુજરાત નું તીર્થ (૩)

૫) ઇડર પાસે આવેલ અમીઝરા પાર્શ્વનાથનું તીર્થ (૩)

૬) વડોદરા પાસે આવેલ એક તીર્થ (૨)

૭) ૧૪૪૪ થાભલાવાળું રાજસ્થાનનું તીર્થ (૫)

૮) ..... પાસે આવેલ ચિંતામણી પાર્શ્વનાથ નું તીર્થ (૩)

૧૦) રાજસ્થાનનું આદીનાથ નું તીર્થ (૩)

૧૩) હિમાચલ પ્રદેશનું આદીનાથનું તીર્થ (૩)

૧૪) ફાલના પાસે આવેલ નેમિનાથ નું તીર્થ (૩)

૧૬) ઉંઝા પાસે આવેલ નેમિનાથ નું તીર્થ (૩)

૧૮) આબુ પાસેના આ તીર્થની પુનર્પ્રતિષ્ઠા થોડો સમય પહેલાં જ થઇ છે (૪)

૧૯) રાજસ્થાનમાં આવેલ આદેશ્ર્વર નું તીર્થ (૩)

૨૧) લીંબડી પાસે આવેલ શાંતિનાથ નું તીર્થ (૩)

૨૨) શત્રુંજયની પંચતીથી નું એક તીર્થ (૩)

૨૩) સ્વરૂપગંજ પાસે આવેલ મહાવીર સ્વામીનું તીર્થ (૩)

**ઊભી ચાવીઓ -**

૨) કુંભારાણાના મંત્રી ધરણાશાહે આ જીનાલય બનાવેલ છે (૫)

૩) આબુ પાસે આવેલ પાર્શ્વનાથ નું એક તીર્થ (૪)

૪) નવલખા પાર્શ્વનાથ નું એક તીર્થ (૨)

૬) શાંતિનાથ નું એક તીર્થ વડોદરા પાસે આવેલ (૨)

૭) બિહારનું પાંચ પર્વત વાળું તિર્થ (૪)

૮) ગુજરાત નું પાર્શ્વનાથ નું તીર્થ (૩)

૧૦) આ તીર્થમાં શ્રી ભૈરવનાથ સાક્ષાત છે (૩)

૧૧) ફાલના પાસે આવેલ ધર્મનાથ નું તીર્થ (૩)

૧૨) ઉત્તર ગુજરાતનું પાર્શ્વનાથ નું તીર્થ (૫)

૧૫) શાંતિનાથ પ્રભુ નું પહાડ ઉપરનું તીર્થ (૩)

૧૭) કચ્છનું ચંદ્રપ્રભુનું તીર્થ (૨)

૨૦) રાજસ્થાનનું આદેશ્ર્વરનું તીર્થ (૩)

**(ઉકેલ અન્યત્ર)**

॥ જય જય શ્રી મોમઈ માત ॥

## શ્રી ડાઘા મોમઈ મા મિત્ર મંડળ (વરાડીયા) પહેડી આમંત્રણ

**વરાડીયા ડાઘા કુળદેવીશ્રી મોમઈ માતાજીની આગામી સળંગ ૨૬મી પહેડીનું આયોજન સંવત : ૨૦૭૪ મહા સુદ ૧૧ ને રવિવાર તા. ૨૮-૦૧-૨૦૧૮ના કરેલ છે.**

**લાભ લેનાર દાતાશ્રી :**

**માતુશ્રી લક્ષ્મીબાઈ પિતાંબર લધાભાઈ ડાઘા સહ પરિવાર**

**શુભ સ્થળ :** શ્રી જીવરાજ ભાણજી સભાગૃહ, અશોક નગર, મેહુલ ટોકીઝ પાસે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.

## શુભ પ્રસંગો

| | | |
|---|---|---|
| **સ્થાપના જુહાર** | : | સવારના ૮.૩૦ કલાકે |
| **ભક્તિ ભાવના** | : | સવારના ૯.૩૦ કલાકેથી |
| **નૈવેદ્ય આરતી** | : | સવારના ૧૧.૪૫ કલાકે |
| **પહેડી પ્રસાદ** | : | બપોરના ૧૨.૧૫ કલાકેથી |

**નોંધ :** વરાડીયા ઉપરાંત નલીયા, તેરા,સુથરી, ગોએરસમાના ડાઘા કુળના સહુ ભાવિકોને તથા સહુ નિયાણીઓને સજોડે પધારવા સહર્ષ આમંત્રણ છે.

**ભક્તિ ભાવના : શ્રી ડાઘા મોમઈ મા મિત્ર મંડળ** વરાડીયા તથા **શ્રી વરાડીયા જૈન મિત્ર મંડળ** ભણાવશે.

**નોંધ :** કૃપા કરીને પહેડીમાં કાળા વસ્ત્રો પરિધાન કરશો નહિં.

**આપના આગમન પથ પર રાહ જોનાર :**

**માતુશ્રી લક્ષ્મીબાઈ પિતાંબર લધાભાઈ ડાઘા સહ પરિવાર**

**વરાડીયા સ્થાનકે પૂ. મોમઈ માતાજી તથા પૂ. ભલારાદાદાના દેવસ્થાને ધ્વજા મહોત્સવ :**

**સંવત : ૨૦૭૪ ચૈત્ર સુદ-૪ ને બુધવાર તા. ૨૧-૦૩-૨૦૧૮ના** દિને વરાડીયા સ્થાનકે સાંજે શ્રી ભલારાદાદાનો પાઠ તેમજ રાત્રે શ્રી ભલારાદાદા તથા શ્રી મોમઈ માતાજીની ભક્તિ ભાવના.

**સંવત : ૨૦૭૪ ચૈત્ર સુદ પાંચમ ને ગુરૂવાર તા. ૨૨-૦૩-૨૦૧૮ના** દિને બંન્ને દેવસ્થાને ધ્વજારોહણ તથા પહેડી યોજેલ છે. ભાવિકોને આ પ્રસંગે વરાડીયા સ્થાનકે પોતાની રીતે તા. ૨૧-૦૩-૨૦૧૮ના વરાડીયા પધારવા મંડળ વતી આમંત્રણ છે. અમોને આપના આગમનની અગાઉથી જાણ કરશો જેથી સ્થાનિકે જરૂરી વ્યવસ્થા કરી શકાય.

**નોંધ :** તા. ૨૧-૦૩-૨૦૧૮ના શ્રી ભલારાદાદા પાઠ માટે તથા તા. ૨૨-૦૩-૨૦૧૮ના સમૂહ પહેડી માટે દાતાશ્રી આવકાર્ય

લી. **શ્રી ડાઘા મોમઈમા મિત્ર મંડળ** - વરાડીયા વતી,
નિતિન પદમશી ડાઘા (પ્રમુખ)
સંપર્ક : 09004391412

### ''વડપણજી કરણ - જીથા-વ્યથા''

વડપણજયું, અચો થોડી ગાલીયું કરી ગેનાં
અખીએં જોકો દેઠો સે અજ આંકે ચઈ ગેનાં
છોકરેં કે પખું અચી વયું, ઊડી વ્યા અંઈ
કોક દેશ - ત કોક વિદેશ વેની વસી વ્યા અંઇ
જનમ દેનોં વેંઢારે વડો કયોં ભણતર પણ દેનોં
પેણાયોં, પેરાયોં, ગણતરજો જ્ઞાન પણ દેનોં
કરમાઈ વ્યા મેળે અરમાન જેંકે હૈયે મેં વસાયોં હોં
ઘણેંવરેં પેલા વ્હાસી હેકલા, હાણે પણ વરી હેકલા
વેચલેં દિં જો કલરવ પણ હાણે શાંત થઈ વ્યો અય
મોં તે કરચલીએં જો સ્તર પથરાણું અય.
શરદી થઈ અય ? ખમો થોડી રબ ભનાઈયાં ?
ઇં ચોંધે લાગણીએંજી લેર ફોટી વઈ
ઓભો થેજી પણ તાકાત હાણે નાંય રઈ
જગમગતી એન અખીંએમેં હાણે મજબુરી ઘર કરે વઈ અય
કાલ અધરાત જો ગાદલેમેંથી ઓથી વેઠા વ્હા ?
શ્વાસ ચડ્યો હો ક પોય કિં સપનાં નેરયાંતે
સમજાંતો આંઉ, અંઈ પણ પડખા ફેરાયાંતે
ક પોય કોક વિચારે જે હિંચકે તેં હિલોડા ગેણાંતે
હેળા જ સંવાદ સર્જીએંતા વિસંવાદ
પેંઢ જે જ રત (લોહી) પોઠ્યા જાગેંતા વિખવાદ
બોંઈમેંજા હેકડો રોંધો, પોય જોકો કિં થીંધો
તેર કરૂણાજો એન કવિતા મેં કંપન હુંધો
વધારે ન કિં, બસ હી ગાલ હાણે હેડા જ પુરી કઈઆં
વડપણજી કથા-વ્યથા જી ગાલીયું હાણે વીંટે વારીયાં
વડપણ જે અંતજી થોડી ગાલ કઈ અય
અખીંયે જોકો દેઠોં હી આંકે આંઉ સોણાયો આય.
(નોંધ : 'ઢળતી ઊમરની કરૂણ કથા-વ્યથા'' ગુજરાતીમાંથી),

મુળ લેખક : **શ્રી કૌશિક દેઢીયા,**
કચ્છી અનુવાદ : **શાંતિલાલ રામજી લાલકા,**
હુબલી-વારાપધર


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**
માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537
• સાચી / ટેસ્ટેડ જરીની સાડીઓ / બોર્ડરો
• રેસમવર્કના ફેન્સી ચ. ચોલી • રેડીમેઈડ ફેન્સી કુર્તીઓ
• ભારે પાનેતર • પારસી હાથ અને મશીનની સાડીઓ
• એમ્બ્રોઈડરી મેઈક ટુ ઑર્ડર
સોમવાર બંધ

# ચિઠ્ઠી આયી હૈ, વતન સે ચિઠ્ઠી આયી હૈ

– પંકજ ઉધાસ



હાય-હલો થયું કે તરત જ રાજેન્દ્રકુમારે મને કહ્યું, 'આપકો મેરી ફિલ્મ મેં એક્ટિંગ કરની હૈ.'

અવાજની દુનિયામાં નામ ખૂબ ગુંજે. બધા માન આપે એ ખબર, પણ એક્ટિંગ ? ના ભાઈ ના. હું તો મુંઝાઈ ગયો. રાજેન્દ્ર કુમારનો એ ફોન એટલે 'ચિઠ્ઠી આયી હૈ...' ગીતની દિશાનું પહેલું પગથિયું. 'નામ' રાજેન્દ્ર કુમારના હોમ પ્રોડક્શનની ફિલ્મ અને કુમાર ગૌરવ તથા સંજય દત્ત બન્ને સાળો-બનેવી પહેલી વાર સાથે આવવાના હતા. ફિલ્મનું ડિરેક્શન મહેશ ભટ્ટનું હતું અને બીજી મોટી વાત સલીમ-જાવેદવાળા સલીમ ખાન જોડી છોડ્યા પછી પહેલી વાર ફિલ્મ લખી રહ્યા હતા.

એક્ટિંગ વાતથી હું સ્તબ્ધ થઈ ગયો. મેં રાજેન્દ્ર કુમારને કહ્યું, 'મને બે-ત્રણ દિવસ આપો, હું આપને પછી જણાવીશ.'

રાજેન્દ્ર કુમારે પણ મને ફોન પર જ કહી દીધું, 'મારી પાસે ટાઈમ નથી. જલદી મને ફોન કર.'

એ દિવસોમાં મારી કોન્સર્ટ ખૂબ ચાલતી અને એમાં હું બિઝી પણ એટલો જ રહેતો. જાણીજોઈને મેં રાજેન્દ્ર કુમારને ફોન કર્યો નહીં. મારે એક્ટિંગ નહોતી કરવી એ ક્લિયર હતું એટલે ફોન કરવાનો આમ પણ અર્થ નહોતો. હું તો મારા કામે લાગી ગયો, પણ પાંચેક દિવસ પછી મને મોટા ભાઈ મનહર ઉધાસનો ફોન આવ્યો.

મનહર ઉધાસ સાથે રાજેન્દ્ર કુમારને જૂનો સંબંધ. રાજેન્દ્ર કુમારે મનહરભાઈને ફોન કર્યો અને થોડું ખિજાયા. કહ્યું, 'તેરા ભાઈ તો બદતમીઝ હૈ, ફોન પણ નથી કરતો. સિનિયર આર્ટિસ્ટ સાથે આવું બિહેવિયર થોડું હોય.'

મનહરભાઈ મારા પર ગુસ્સે થયા. તેમણે મને ફોન કરીને એ બધી જ વાત કરી અને કહ્યું, 'પંકજ, તમારે આવું ન કરવું જોઈએ. ફોન કરવો જોઈએ અને ન કરવું હોય તો ના કહીને સ્પષ્ટ થઈ જવું જોઈએ.'

મોટા ભાઈની વાત તો સાચી જ હતી. મેં હિંમત એકઠી કરીને રાજેન્દ્ર કુમારને ફોન કર્યો અને માફી માગીને તેમને કહ્યું, 'ખૂબ-ખૂબ ધન્યવાદ; પણ કુમારજી, એક્ટિંગ કરવા હું રાજી નથી. મારે મારી સિન્ગિંગ-કરીઅરમાંથી ડાઈવર્સિફાઈ નથી થવું.'

રાજેન્દ્ર કુમાર ફોન પર હસવા માંડ્યા. મને કહે, 'પંકજ, તૂ સચ મેં બુદ્ધુ હૈ. હું તને કોઈ કેરેક્ટર નથી આપવા માગતો, પણ હું તારી પાસે એક ગીત ગવડાવવા માગું છું જે પછી તારા પર પિક્ચરાઈઝ થશે.'

મેં કહ્યું, 'જો પહેલાં આ વાતની ખબર હોત તો મેં ત્યારે જ હા પાડી દીધી હોત. આવા કામમાં મને કોઈ વાંધો જ નથી.'

આ મિસઅન્ડરસ્ટેન્ડિંગ માટે અમે બન્ને ખૂબ હસ્યા અને બે દિવસ પછી લક્ષ્મીકાંત-પ્યારેલાલવાળા લક્ષ્મીકાંતના ઘરે મળવાનું નક્કી કર્યું.

બે દિવસ પછી બધા લક્ષ્મીકાંતના ઘરે મળ્યા. તેમના ઘરે એક મોટો મ્યુઝિકરૂમ છે ત્યાં અમારી મીટિંગ થઈ. ગીતકાર આનંદ બક્ષી, સ્ક્રિપ્ટ-રાઈટર સલીમ ખાન, ડિરેક્ટર મહેશ ભટ્ટ, રાજેન્દ્ર કુમાર, લક્ષ્મીકાંત અને પ્યારેલાલ. ગીતની સિચુએશનનું

*કેવળજ્ઞાન છે...*
*પૂર્ણ મન સ્થિતપ્રજ્ઞ, કેવળજ્ઞાન છે, મૌનનો છે યજ્ઞ, કેવળજ્ઞાન છે.*
*છેક ઊંડાણે બહુધા તરબતર, બ્રહ્મનો એ જજ્ઞ, કેવળજ્ઞાન છે.*

ડિસ્કશન થયું. છોકરો છે જે ફોરેન આવીને રહે છે અને ઘરના બધાને ભૂલી ગયો છે, સાચું કામ કરતો નથી અને ખોટે રવાડે ચડી ગયો છે. હવે તેની લાઈફમાં એક ઈમોશનલ પ્રસંગ બને છે અને તેનું હૃદયપરિવર્તન થાય છે. આ પ્રસંગ વાર્તામાં તો બનતો નહોતો એટલે આ ગીતને એમાં ટર્નિંગ પોઈન્ટ તરીકે લેવામાં આવ્યું હતું.

આનંદ બક્ષી માટે હું એક જ શબ્દ કહીશ : જિનીયસ. બીજું કંઈ કહી જ ન શકાય. ગોડ-ગિફ્ટેડ. શબ્દોની સાથે તેઓ જે રીતે રમી શકતા એવું કોઈ રમી ન શકે. એ સમયે વાતો ચાલતી હતી ત્યારે તેઓ ચૂપચાપ બેઠા કંઈ લખ્યા કરે, મહેશ ભટ્ટે કહ્યું, 'તમને ઘર ક્યારે યાદ આવે ? તહેવારો આવે ત્યારે ? હોળી, દિવાળી, બૈસાખી આ બધા દિવસો એવા જેમાં તમને ઘર યાદ આવે.'

આનંદ બક્ષીએ એ શબ્દો લખ્યા અને પછી લખ્યું : ગોલી.

બહુ વાતો થઈ અને એ વાતો કર્યા પછી છૂટા પડ્યા. બે દિવસ પછી ફરી મળ્યા. એ સમયે આનંદ બક્ષીએ કહ્યું, 'ગીતનું મુખડું લખ્યું છે મેં, તમે સાંભળો.'

**ચિઠ્ઠી આયી હૈ, વતન સે ચિઠ્ઠી આયી હૈ,**
**બડે દિનોં કે બાદ, હમ બેવતનો કો યાદ**
**વતન કી મિટ્ટી આયી હૈ**
**ચિઠ્ઠી આયી હૈ, વતન સે ચિઠ્ઠી આયી હૈ**

રાજેન્દ્ર કુમાર ઊછળી પડ્યા. લક્ષ્મીકાંત-પ્યારેલાલ ખુશ. સલીમ ખાન અતિશય રાજી થઈ ગયા. નક્કી થઈ ગયું કે આ ગીતનું મુખડું છે. તરત જ આનંદ બક્ષીએ કહ્યું કે એક અંતરો પણ લખ્યો છે, સાંભળો બધા :

**સૂની હો ગયીં શહર કી ગલિયાં,**
**કાંટે બન ગયીં બાગ કી કલિયાં**
**કહતે હૈં સાવન કે ઝૂલે,**
**ભૂલ ગયા તૂ હમ નહીં ભૂલે,**
**તેરે બિન જબ આયી દિવાલી,**
**દીપ નહીં દિલ જલે હૈં ખાલી**
**તેરે બિન જબ આયી હોલી,**
**પિચકારી સે છૂટી ગોલી**
**પીપલ સૂના પનઘટ સૂના,**
**ઘર સ્મશાન કા બના નમૂના**
**ફસલ કટી આયી બૈસાખી,**
**તેરા આના રહ ગયા બાકી**
**ચિઠ્ઠી આયી હૈ, વતન સે ચિઠ્ઠી આયી હૈ**

સાહેબ, બધાની આંખામાં આંસુ આવી ગયાં. કોઈ ફોરેનમાં નહોતું, કોઈનું ઘર દૂર નહોતું અને એ પછી પણ અમારા બધાની આંખોમાં આંસુ આવી ગયાં હતાં. હકીકત તો એ જ હતી કે અમારા કોઈના માટે મુંબઈ ઘર હતું જ નહીં. મુંબઈ માટે તો અમે બધા પણ બેવતનો જ હતા. એનીવે, રેકોર્ડિંગનું નક્કી થયું, મેહબુબ સ્ટુડિયોમાં. અનાયાસ એ દિવસે મારા બન્ને ભાઈઓ પણ હાજર રહ્યા તે બન્ને લક્ષ્મીકાંતના ખાસ મિત્રો એટલે તેમણે જ બોલાવ્યા હતા. મહેશ ભટ્ટ, રાજેન્દ્ર કુમાર અને તેમનાં વાઈફ જયાજી. જયાજી પહેલી વાર રેકોર્ડિંગમાં સાથે આવ્યાં હતાં. મેં માઈક પર ઊભા-ઊભા ગાવાનું શરૂ કર્યું. ત્રણ રિહર્સલ થયાં. લક્ષ્મીકાંત સિંગરની રૂમમાં મારી પાસે આવ્યા. કહે, 'પંકજજી, મુઝે જો ચાહિએ વો ઈમોશન્સ, વો ફોર્સ, વો સેન્ટિમેન્ટ્સ નહીં મિલ રહે. કુછ રાસ્તા નિકાલિએ તો બાત બન જાએ.'

ખૂબ વાતો થઈ અને સજેશનો આવ્યાં અને એમાંથી અચાનક જ લક્ષ્મીકાંતને સૂઝ્યું અને તેમણે હોલમાં જ મારા માટે ટેબલો ગોઠવીને એક હંગામી સ્ટેજ બનાવ્યું. એના પર હાર્મોનિયમ મૂક્યું અને કહ્યું કે હવે આપણે ટ્રાય કરીએ. ફરીથી સાઉન્ડનું બેલેન્સિંગ થયું અને રિહર્સલ શરૂ થયું. હજી તો મુખડું પૂરું કર્યું ત્યાં જ લક્ષ્મીકાંતનો અવાજ આવી ગયો કે ટેક શરૂ કરી દઈએ છીએ, પહેલેથી શરૂ કરી દો.

સાહેબ, આ ગીત બાકાયદા એક આખી નઝ્મ છે. ફિલ્મમાં એ ૭.૨૫ મિનિટ ચાલે છે. વન, ટૂ અને

*લબ્ધ ચેતનમય ચરમની ચાલમાં, દિલ સતત સંલગ્ન, કેવળજ્ઞાન છે.*
*રાતદિન વર્તનમાં બહુ સમતલ રહી, જાતથી નહિ અજ્ઞ, કેવળજ્ઞાન છે.*

શ્રી. મેં ગાવાનું શરૂ કર્યું અને જાણે મારી અંદર કોઈ આત્મા આવ્યો હોય એવું બન્યું. બધું પાંચ-સાત સેકન્ડમાં જ બન્યું હતું. સિંગટ ટેક અને સોન્ગ ઓકે. લક્ષ્મીકાંત દોડીને અંદર આવ્યા. કહે, 'આપને ક્યા કિયા હૈ વો પતા હૈ આપકો ?'

મને પકડીને બહાર લઈ ગયા. બહાર જઈને જોઉં તો બધા આંસુ લૂછે. મારા ભાઈઓ, રાજેન્દ્ર કુમાર, મહેશ ભટ્ટ પોતે અને સલીમ ખાન પણ.

મેં ત્યારે ને ત્યારે જ ગીત સાંભળ્યું અને મને ખબર પડી ગઈ કે પંકજ ઈશ્વરે ચમત્કાર સર્જી દીધો, બીજી વાર ક્યારેય આવું થવાનું નથી. ગીતનું પત્યું અને શૂટિંગનો વારો આવ્યો. આ ગીતનું શૂટિંગ જુહુમાં હરે રામ હરે કૃષ્ણ ટેમ્પલના હોલમાં થયું છે. બધા કલાકારો હાજર હતા. શૂટિંગ દરમ્યાન જાતે રડે. ગ્લિસરીનની જરૂર જ નહીં. કોરિયોગ્રાફર સરોજ ખાનને ખાસ બોલાવવામાં આવ્યાં હતાં. મને કોરિયગ્રાફ કરતાં-કરતાં તે પણ રડે. પિક્ચરાઈઝ થયું અને મારી જોબ પૂરી થઈ.

એ પછી મને તરત જ અમેરિકાની ટૂર પર જવાનું હતું. અમેરિકા અને કેનેડામાં મારે પંદર શો કરવાના હતા. રાજેન્દ્ર કુમારે મને મળવા બોલાવ્યો અને તાકીદ કરી, 'શો કરવા જાય છે તો એમાં ભૂલથી આ ગીત નહીં ગાતો. ફિલ્મ રિલીઝ ન થાય ત્યાં સુધી આપણે એને જાહેર કરવાના નથી. આ સરપ્રાઈઝ પેકેજ છે.'

બે વીક પહેલાં આ કોલમમાં મેં ન્યુયોર્કના મેડિસન સ્કવેર ગાર્ડનના મારા શોની વાત કરી, જેમાં મને એક ટેક્સી ડ્રાઈવર મળ્યો હતો. મારો એ શો ૪૬૦૦ લોકોએ માણ્યો હતો. હાઉસફુલ શો. ચાલુ પ્રોગ્રામે મારું ધ્યાન ગયું કે પહેલી રોમાં મારા સગા કાકાનો દીકરો બેઠો હતો. તે થોડા મહિના અમેરિકામાં કામ કરવા આવ્યો હતો અને પછી અમેરિકા જ સેટલ થઈ ગયો. બાર-પંદર વર્ષથી અમે કોઈએ તેનો જોયો નહોતો કે ન તો તે ઈન્ડિયા આવ્યો. ખબર નહીં પણ કોણ જાણે કેમ મને થયું કે 'ચિઠ્ઠી આયી હૈ... ' નો આ પર્ફેક્ટ ટાઈમ છે. ઈન્ટરવલ પછી મેં સરપ્રાઈઝ સાથે આ ગીત ગાયું. ચાલુ ગીતે જ મારું ધ્યાન મારા કઝિન પર. આંખમાં પાણી આવતાં જાય, એ લૂછતો જાય. ધીમે-ધીમે આખું ઓડીટોરિયમ રડે. કેટલાક તો હીબકે-હીબકે રડે.

ગીત પુરું થયું અને આખા ઓડીટોરિયમમાં સન્નાટો થઈ ગયો. કોઈ કંઈ બોલે નહીં. તાળી તો શું જરા અમસ્તો અવાજ સરખો પણ ન આવે. ભારેખમ સાયલન્સ વચ્ચે ચુપકીદી અને ત્રણેક મિનિટ પછી અચાનક ઓડીટોરિયમમાં જાણે જીવ આવ્યો હોય એમ બધા તાળીઓ સાથે ઊભા થઈ ગયા. પાંચ મિનિટ સુધી સ્ટેન્ડિંગ ઓવેશન અને પછી વન્સ મોરની ડિમાન્ડ. જોકે એ સમયે હું ગભરાઈ ગયો હતો. મેં નિયમ તોડ્યો હતો.

શો પૂરો કરીને હું હોટેલ પર પહોંચ્યો. હજી તો રૂમમાં એન્ટર થયો ત્યાં જ મારી રૂમમાં ફોન વાગ્યો. ઓપરેટરે ફોન આપ્યો. રાજેન્દ્ર કુમાર લાઈન ઉપર કહે, 'તુમને ગાના ગા દિયાના.'

હું કંઈ પૂછું એ પહેલાં તો તેમણે કહ્યું, 'મારા દસ દોસ્તારો ઓડિયન્સમાં બેઠા હતા. તેમણે સાંભળ્યું.'

હું માફી માગું એ પહેલાં મને કહે, 'કોન્ગ્રેચ્યુલેશન, બહુ સારું કર્યું તેં કે કોન્ટ્રેક્ટ તોડ્યો અને એટલું અદ્ભુત ગાયું. હવે બધા કાર્યક્રમમાં ગાજે.'

૧૯૮૬ની ૩૦ ઓગસ્ટે ફિલ્મ રિલીઝ થઈ અને ગીતે ધૂમ મચાવી દીધી. હું કહીશ કે આવાં ગીતો દરરોજ નથી બનતાં. આવાં ગીતો સર્જાતાં હોય છે અને એના માટે કુદરતની મહેરબાની જોઈએ. લતા મંગેશકરે ગાયેલું 'અય મેરે વતન કે લોગોં...' બીજી વાર ન બને. 'ચિઠ્ઠી આયી હૈ...' ને ઘણાબધા એવોર્ડ્સ મળ્યા અને એપ્રીશિએશન પણ થયું. સૌથી મોટી વાત એ છે કે ૨૦૦૦માં BBC એ સદીનાં સો બેસ્ટ સોન્ગ્સનો સર્વે કર્યો, જેમાં આ ગીત છઠ્ઠા નંબરે આવ્યું. *(Courtesy* - Mid-Day*)*

* * *

*જલકમલવત્ જેવી આભામાં કિશોર,*
*આ જીવન છે મગ્ન, કેવળજ્ઞાન છે.*
*- કિશોર મોદી*

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી ક.દ.ઓ. મંડળ - ડોંબિવલી

શ્રી ક.દ.ઓ. મંડળ - ડોંબિવલી દ્વારા ૧૯-૧૧-૨૦૧૭ના વડીલો, બાળકો અને મંડળના મુખપત્ર જ્ઞાતિદીપનું વિતરણ કરતા ભાઈ-બહેનો માટે એક દિવસીય સલેહગાહ સહ તીર્થ દર્શનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રવિવાર સવારે પ્રથમ બસ મંડળના કાર્યાલય તેમજ બીજી બસ સમ્રાટ હોટલ, ડોંબિવલી (પશ્ચિમ) પાસેથી બધા મળીને ૮૪ યાત્રિકો-ભાવિકો હતા.

શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ દાદાની જય બોલાવીને કામણ તીર્થ તરફ પ્રસ્થાન કર્યુ હતું. બસમાં ભક્તામર, સ્તવનો તેમજ ધૂનની રમઝટ બોલાવી સવારના ૭.૩૦ કલાકે કામણ તીર્થે પહોંચ્યા હતા. કામણ તીર્થે શ્રી મુનિસુવ્રત સ્વામી દાદાના દર્શન ચૈત્યવંદન કરી ચા-પાણી બિસ્કીટનો લાભ આપ્યો હતો. સવારે ૯ કલાકે રોયલ ગાર્ડન પહોંચીને નવકારશી કરી હતી. નવકારશી બાદ સ્વિમીંગ પૂલ, આઉટડોર અને ઈનડોરની વિવિધ રમતોની નાના-મોટા સહુએ મજા માણી હતી. વિવિધ રમતો રમતાં, હસી મજાક કરતાં કરતાં બપોરના ૧.૩૦ કલાકે સૌ સાથે મળીને ગરમા-ગરમ ભોજનની લહેજત માણી હતી. ત્યારબાદ રીસોર્ટના એ.સી. હોલમાં આરામ કરીને મંડળના સભ્યો દ્વારા સંગીત ખુરશી તથા હાઉઝીની રમત સુંદર રીતે રમાડવામાં આવી હતી. શ્રીમતી ભાવનાબેન મોમાયા, શ્રીમતી જીગ્નાબેન છેડા, શ્રીમતી ભાવિનીબેન નાગડા તરફથી વિશેષ ઈનામો આપવામાં આવ્યા હતા. રમત પછી ચા-પાણી, બિસ્કીટનો લાભ આપી પાછા બધા જ હોલમાં પધાર્યા હતા.

શ્રીમતી મધુબેન પૂનમચંદ મૈશેરી, શ્રીમતી સુશીલાબેન પ્રદીપ નાગડા, શ્રી ચેતન લહેરચંદ નાગડા તરફથી રૂા. ૫૦૦/- તેમજ શ્રીમતી ખમાબેન દિનેશ નાગડા, શ્રીમતી ભાવિનીબેન અનિલ નાગડા દરેક તરફથી રૂા. ૪૦૦/- મંડળને ભેટ સ્વરૂપે મળ્યા હતા. શ્રી ખીરેશ રાયચંદ ધ્રોળ (સાંયરા)નું તેમના તરફથી ચાર યાત્રિકોને સ્વખર્ચે લઈ આવવા બદ્દલ અભિવાદન કરવામાં આવેલ. ત્યારબાદ ચૌવિહાર કરીને લોઢા ધામ તરફ પ્રસ્થાન કર્યું. લોઢા ધામ તીર્થે પહોંચીને શ્રી સિમંધર સ્વામીના દર્શન અને મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા ૨૦ વિહરમાન તીર્થંકરની રચના જોઇ દરેક યાત્રિકો ધન્ય બન્યા હતા. દાદાની જય બોલાવી સ્વીટ હોમ તરફ પરત પ્રસ્થાન કર્યું હતું.

### શ્રી કે.ડી.ઓ. યુવા મંચ, વડોદરા

૨૩-૨૪-૨૫ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ શ્રી રાજેશ કાન્તિલાલ શાહ મેમોરિયલ ક્રિકેટ ટુર્નામેન્ટનું અખીલ ભારતીય સ્તરે આયોજીત કરવા જઈ રહ્યું છે. આ ટુર્નામેન્ટમાં ૧૩ ટીમ ભાગ લઈ રહી છે. સમસ્ત ભારતમાંથી લગભગ ૧૫૦ ખેલાડીઓ પોતાનું કૌવત બતાવવા આવી રહ્યા છે. ત્યારે એમ લાગે છે કે આ એક મીની યુવા સમ્મેલન બની રહેશે.

સ્પોર્ટસને બેસ બનાવીને પણ જો આવા સમ્મેલનો થતા હોય તો એનાથી રૂડું શું ? આપણા યુવાનોમાં ભાઈચારો વધશે. એકબીજાને ઓળખતા થશે. એમાંથી નવા-નવા વિચારો આવશે, આઈડીયા આવશે અને પોતપોતાના પ્રતિભા બતાવવાની તક મળશે. એક પ્લેટફોર્મ મળશે જેનાથી ભવિષ્યમાં આનાથી પણ મોટા મોટા ઈવેન્ટ કરવાની પ્રેરણા મળશે. આવનારી બધી ટીમોનો સંસ્કાર નગરી વડોદરા તરફથી સ્વાગત કરવા કે.ડી.ઓ. યુવા મંચ થનગતી રહ્યું છે.

કે.ડી.ઓ. યુવા મંચ ભાઈશ્રી નિશિથ દંડની પ્રેરણાથી આ ગેટ ટુ-ગેધરને બી-ટુ-બી સમીટમાં ફેરવવા માગે છે. આ એક નવી પહેલ છે. આપણી જ્ઞાતિમાં પ્રથમ વખત થઈ રહી છે. આપણા ૧૫૦ થી ૨૦૦ યુવાનો જ્યારે ભેગા થવાના છે ત્યારે ફક્ત વાતો નહી પણ આમાંથી અમૃતમંથન કરીને જ્ઞાતિમાં એક નવી જાગૃતિ લાવવાની પહેલ કરી રહ્યા છે. જેના માટે સમગ્ર વડોદરા યુવા મંચના યુવાનો અહોરાત્ર મહેનત કરી રહ્યા છે અને આ ઈવેન્ટને જ્ઞાતિના ઘણા મહાનુભાવોના આશિર્વાદ મળી રહ્યા છે.

### શ્રી ક.દ. ઓ. જૈન સર્વોદય મંડળ - મુલુંડ

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા આયોજીત શ્રી મહાકાળી માતાજીની ભાવના ૭-૧-૨૦૧૮ના રાતના ૯ કલાકે શ્રી વાસુપુજ્ય જિનાલયે, ઝવેર રોડમાં રાખેલ છે. જેના લાભ શ્રી મોતીચન્દ લાલજી ખોના પરિવાર - નલીયાવાળાએ લીધેલ છે. રીધ્ધી સીધ્ધી મંડળ ભાવનામાં રંગત જમાવશે.

ત્યારબાદની ભાવના ૨૮-૧-૨૦૧૮ના છે. જેનો લાભ માતુશ્રી મણીબેન મેઘજી ધુલ્લા-સુથરી, માતુશ્રી લક્ષ્મીબેન ખીમજી મૈશેરી-મોટી સિંધોડી અને માતુશ્રી પ્રેમીલાબેન પદમશી ખોના-જખૌવાલા પરિવારે સહિયારો લાભ લીધેલ છે.

## શ્રી પદ્‌મમુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ (ચાલીસગામ)

પૂ. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રેરણાથી ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવેલ તેમજ પૂ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના આશિર્વાદ અને માર્ગદર્શને ટ્રસ્ટ જ્ઞાતિ માટે કાર્યો કરી રહેલ છે. બુધવારના ગરિબોને ભોજન માટે નકરો આપનાર દાતા : ૧) દેવકાબાઈ આશુભાઈ મારુ (હસ્તે પુષ્પા, હર્ષા, ગુણવંતી-મુંબઈ), ૨) સ્વ. શૈલેશ મણીલાલ શાહ (વાપી-વરાડિયા), ૩) કૌસ્તુભ રવિન્દ્ર દાબિર (ચાલીસગામ), ૪) દિગંબર સુદામ વાઘ (ચાલીસગામ), ૫) જયતિલાલ દામજી નાગડા (જન્મ દિવસ નિમીત્તે - ડોંબીવલી-નલીયા).

## શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ<br>કે.ડી.ઓ. કન્યા છાત્રાલય





૨ ડિસેમ્બરના રોજ છાત્રાલયની વિદ્યાર્થીનીઓ માટે કવીઝ તથા અન્ય બુદ્ધિમતાની હરિફાઈઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતા.

શ્રીમતી વિમલા ગોસર, શ્રીમતી લીના શાહ, શ્રીમતી મૃદુલા દંડ, શ્રીમતી હિના ધરમશી, શ્રીમતી દિમી ધરમશી, શ્રીમતી પ્રિતી જૈન, શ્રીમતી નિતલ લોડાયાના વરદહસ્તે ઇનામોનું વિતરણ કરાયું હતું આ પ્રસંગે કમિટી મેમ્બર્સ તથા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા અને આપણી જ્ઞાતિની વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન આપ્યું હતું.

## તિરપુર ખાતે મેઘા બ્લડ ડોનેશન કેમ્પ




પ્રાચી એક્સપોર્ટસ-તિરપુર ખાતે એચ.ડી.એફ.સી. બેંક અને મુર્યાર્ચી મક્કલ અમાઈપુ દ્વારા તિરપુરની સરકારી હોસ્પિટલના દરદીઓ માટે આયોજિત બ્લડ ડોનેશન કેમ્પમાં ૬૦ યુનીટ બ્લડ એકત્રિત થયું હતું.

પ્રાચી એક્સપોર્ટસના સી.ઓ.ઓ. હાર્દિક છેડાએ બ્લડ ડોનેટ કરીને કેમ્પનો શુભારંભ કર્યો હતો. પ્રાચી એક્સપોર્ટસના કર્મચારીઓએ પણ બ્લડ ડોનેટ કર્યું હતું. શ્રી સતીશ હંસરાજ નાગડાએ બ્લડ કેમ્પનું આયોજન કર્યું હતું તથા બ્લડ પણ ડોનેટ કર્યું હતું.

**શ્રી શત્રુંજય મુક્તિ વીરેન્દ્ર રત્નત્રયી ટ્રસ્ટ દ્વારા આયોજિત**
**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ માટે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ 'એકાસણા' અભિયાન**

**શુભ આશીર્વાદ :** તપચક્ર ચક્રવર્તી, અચલગચ્છાધિપતિ
**પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**
**મંગલમય પ્રેરણા :** શાસન પ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સુશિષ્યા **પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.** આ.ઠા.-૨

દેવ-ગુરૂ-ધર્મ કૃપાએ સમસ્ત જ્ઞાતિજનો ખુશ ખુશાલ હશે.

માગસર વદિ ૯-૧૦-૧૧ (પોષ દસમ) પાર્શ્વનાથ દાદાના જન્મ અને દીક્ષા કલ્યાણકની ઉજવણીનો અવસર આવી રહ્યો છે. એ અવસરે ૧૦૮ પાર્શ્વનાથની આરાધના કરીને આ વર્ષને ''પાર્શ્વનાથ આરાધના પર્વ'' તરીકે ઉજવવાનું છે. તા. ૧૧-૧૨-૧૩ ડીસેમ્બરના ત્રણ એકાસણા કરીને આ આરાધનાનો શુભારંભ કરવાનો છે.

બાર મહિનામાં ૧૦૮ એકાસણા કરી મહાન કર્મ નિર્જરા સાથે પુણ્યાનુબંધી પુણ્યનો સંચય કરવાનો છે.

જેમને પણ આ અભિયાનમાં ભાગ લેવાની ઇચ્છા હોય તેમને નીચેના સરનામે નામ નોંધાવી, કાર્ડ મેળવી લેવા અને ૧૨ મહિના પછી માગસર વદિ ૧૩ (ડીસેમ્બર ૨૦૧૮)ના એ જ સરનામે જમા કરાવવા વિનંતી.

**સૌ. મનિષાબેન હરીશ ખોના (મો. 09664798398)**
૧/૧૦૬, અનંતછાયા, ૬૦ ફિટ રોડ, ઘાટકોપર (પૂર્વ).
**શ્રીમતી લતાબેન વિકમશી (મો. 09323944117)**
૨/૩૯, અનંત નિવાસ, ભાતબજાર, મસ્જિદ બંદર.

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૧૧-૧૭ | જલગામ | પ્રિશ, રૂચી કુશલ ભરત લોડાયા | બારોઈ | પુત્ર |
| ૨૦-૧૧-૧૭ | ચોપડા | યુક્તિ, સ્વાતિ મયૂર રાજેન્દ્ર લોડાયા | નલિયા | પુત્રી |
| ૨૫-૧૧-૧૭ | ગાંધીધામ | ધ્યારા, ભાવિકા હિમાંશુ કાંતીલાલ નાગડા | તેરા | પુત્રી |
| ૦૧-૧૨-૧૭ | વડોદરા | આયાન, સોનલ તરલકુમાર શરદભાઈ મહેશ્વરી | મોટી સિંધોડી | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩-૧૨-૧૭ | કલીકટ | જીગર વિજય ભવાનજી લોડાયા | નલિયા | ૩૦ |
| | નાંદેડ | ભક્તિ ભુપેન્દ્ર માણેકજી પોલડીયા | બાયઠ | ૨૪ |
| ૦૫-૧૨-૧૭ | ડોમ્બીવલી | જતિન પ્રતાપ દામજી ધરમશી | જખૌ | ૩૧ |
| | હૈદ્રાબાદ | રાગિની હરીશ નવીનચંદ લાપસીયા | દલતુંગી | ૩૦ |
| ૦૭-૧૨-૧૭ | ડોમ્બીવલી | મેહુલ ભરત વેરશી મુનવર (જીવાણી) | જખૌ | ૨૯ |
| | ડોમ્બીવલી | ટીના ઉદય શાંતિલાલ ધુલ્લા | સુથરી | ૨૨ |

### અંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨-૧૨-૧૭ | વડોદરા | મેહુલ જય તારાચંદ ધરમશી | સુથરી | ૨૯ |
| | વડોદરા | ડૉ. સરગમ દેવેન્દ્ર મનસુખલાલ કોટેચા | રાજકોટ | ૨૯ |
| ૦૭-૧૨-૧૭ | ડોમ્બીવલી | પ્રિતેશ જયંતિલાલ ખીમજી ધરમશી | સેવક ભરૂડીયા | ૩૦ |
| | મહાલક્ષ્મી | હેતલ મનસુખ ટીડાભાઈ સોલંકી | પાલીતાણા | ૨૬ |
| ૦૭-૧૨-૧૭ | અંધેરી | સાકેત નવિન વેલજી છેડા | સુથરી | ૩૩ |
| | વિલેપાર્લે | વિપ્રા નિતિન રતનશી વિસરીયા | દુર્ગાપુર | ૩૩ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮-૧૧-૧૭ | ઘાટકોપર | વિનીત ખિરણ કુંવરજી લોડાયા | કોઠારા | ૩૦ |
| | સુરત | પૂજા રાજેન્દ્ર વાલજી ગોસર | ગોએરસમા | ૨૮ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯-૧૧-૧૭ | અર્નાકુલમ | શ્રીમતી અનુપમા અમૃતલાલ વિશનજી મોમાયા | સાંયરા | ૬૩ |
| ૦૩-૧૨-૧૭ | ધુલિયા | દિનેશ કુસુમકાંત ભાટે - ખોના | નલિયા | ૮૧ |
| ૦૪-૧૨-૧૭ | તેરા | ચીમનલાલ વેલજી મોતા | તેરા | ૮૦ |
| ૦૫-૧૨-૧૭ | પરભણી | દિનેશ જીવરાજ નાગડા | ગદગ/નલિયા | ૭૪ |
| ૦૫-૧૨-૧૭ | મુલુંડ | કાંતાબેન સતીષચંદ્ર લોડાયા | મોટી ખાવડી | ૬૬ |
| ૦૭-૧૨-૧૭ | મુલુંડ | ગોવિંદજી પદમશી આણંદજી લોડાયા | સુથરી | ૭૮ |
| ૦૭-૧૨-૧૭ | ડોમ્બીવલી | સોમચંદ ગાંગજી નાગડા | મોટી ખાવડી | ૮૪ |
| ૦૭-૧૨-૧૭ | મુલુંડ | જયાબેન ગોવિંદજી પીર | બાયઠ | ૭૯ |
| ૦૭-૧૨-૧૭ | નલિયા | શીતલ અનૂપ ઠાકરશી મોતા | નલિયા | ૫૦ |
| ૦૭-૧૨-૧૭ | અંકલેશ્વર | ચીમનલાલ શામજી દંડ (આનંદ પરિવાર) | તેરા | ૬૭ |
| ૦૭-૧૨-૧૭ | મુલુંડ | રતનબેન જયચંદ કલ્યાણજી લુઢિયા | રવા | ૭૭ |

## ધર્મસંદેશ - ૧૧૨ નો ઉકેલ

આડી ચાવીઓ -

(૧) કોઠારા (૪) પાટણ (૫) વડાલી (૬) છાણી
(૭) રાણકપુર (૮) ગંગાણી (૧૦) નાગોર (૧૩) કાંગડા
(૧૪) નાડલાઇ (૧૬) વાલમ (૧૮) જીરાવલા (૧૯) વેલોર
(૨૧) શિયાણી (૨૨) મહુવા (૨૩) દિયાણા


ઊભી ચાવીઓ -

(૨) રાણકપુર (૩) કિંવરલી (૪) પાલી (૬) છાણી
(૭) રાજગૃહી (૮) ગંધાર (૧૦) નાકોડા (૧૧) ખુડાલા
(૧૨) ભીલડીયાજી (૧૫) ઇડર (૧૭) લાલા (૨૦) લોટાણા

# શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ - માટુંગા ખાતે સ્નેહમિલન કાર્યક્રમ









C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (11-12-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ – મુંબઇ

# SHREE K.D.O. STUDENTS ASSOCIATION



# WOMEN'S CRICKET

**3rd DECEMBER 2017**

**MAIN SPONSOR** SMT. **RAJULBEN BHADRESH PATEL** (SAYERA - MULUND)



Lighting of the Lamp by VS Team



Main Sponsor of the Event



Bowling by Mrs. Kashmira Dharamshi



Batting by Mrs. Viraj Dhulla



Trophies & Medals



Runner-Up Team



Winning Team



Participants and Shree K.D.O. Students Association Team

**SHREEKDOVS@GMAIL.COM | / SHREEKDOVS**

**TEJAS MAHENDRA KHONA (PRESIDENT)**

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**, C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS**, 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,